# સામાજિક સમરસતા અને સ્વચ્છતા અભિયાન સપ્તાહ

તા. ૨૫ મી સપ્ટેમ્બર, પ્રખર રાષ્ટ્ર સેવક પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી નો જન્મદિવસ તથા બીજી ઓક્ટોબર, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો જન્મદિવસ નિમિત્તે ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ના ઉપક્રમે સામાજિક સમરસતા અને સ્વચ્છતા અભિયાન સપ્તાહ ની ઉજવણી નું આયોજન મનીય કુલપતિ શ્રીના માર્ગદર્શનમાં થયું. ૨૫મી સપ્ટેમ્બર ગૌતમ સભાગૃહમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જીવન કાર્ય તથા તત્વચિંતન વિશે જાણીતા વિદ્વાન ડો.ગીરીશભાઈ ઠાકરે ઉદબોધન કર્યું હતું.

પંડિતજી ના એકાત્મ માનવ દર્શન'' સંદર્ભે માનનીય પ્રવચનની સમાંતરે પંડિતજી જીવનદાર્થ ના પ્રેરક ઉદાહરણો દ્વારા વક્તા શ્રીએ શ્રોતા ઓને લાભાન્વિત કાર્ય હતા. રાજ્યનીતિ શાસ્ત્ર ના જાણીતા પ્રોફેસર શ્રી હર્ષદભાઈ યાજ્ઞિકજી એ સ્વચ્છતા તથા સમરસતા કેન્દ્રી વક્તવ્ય માં મહાત્મા ગાંધી અને પંડિત દીનદયાળજી વિશે અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. પ્રાધ્યાપક સંજયભાઈ પટેલ એ ડો. ગીરીશભાઈ ઠાકર નો તથા ડૉ. હેતલ ગાંધીએ પ્રો.હર્ષદભાઈ યાજ્ઞિકજી નો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમની પ્રાસંગિક ભૂમિકા ડો. યોગેન્દ્ર પારેખે રજુ કરી હતી તથા કાર્યક્રમ નું સંચાલન ડો. કૃતિબેન છાયાએ અને આભાર દર્શન ફાઈનાન્સ ઓફિસર શ્રી શ્રુતિબેન પાઠકે કર્યું હતું સપ્તાહના પ્રારંભે રાષ્ટ્રસેવક પંડિત દીનદયાલ ઉપાધ્યાય ના કાર્યાનુભાવનો પ્રત્યક્ષ સાક્ષી રહી ચૂકેલા બંને વક્તાઓ યુનિવર્સિટી ને લાભ મળ્યો, તે મુખ્ય ઉપલબ્ધી ગણી શકાય.

સ્વચ્છતા અભિયાન નિમિત્તે સમગ્ર યુનિવર્સિટી પરિવાર નક્કર કામગીરી કરે તેવો માનનીય કુલપતિશ્રી નો આગ્રહ અને પ્રેરણાના પરિણામ સ્વરૂપે તા ૨૯/૦૯/૨૦૧૬ ના રોજ છારોડી ગામમાં સ્વચ્છતા અભિયાન કરવાનું નક્કી થયું. ગામની પ્રાથમિક શાળાનો સહયોગ મળ્યો. મુખ્ય શિક્ષિકા શ્રી જશુમતીબેન સાથે યુનિવર્સિટી વતી સંયોજકની ભૂમિકાઓ ડો. મૌનસ ઠાકર , સંજય પટેલ , ડો મયંક સોની તથા અમિત મેકવાન દ્વારા પરિણામ લક્ષી કામગીરીની રૂપરેખા નક્કી થયું. છારોડી ગામમાં સફાઈ કામગીરી માટે જરૂરી સાધનો છારોડી પ્રાથમિક શાળા (સ્માર્ટ શાળામાં સ્વચ્છતા અભિયાન પ્રારંભ ની સંકલ્પ બેઠકમાં યુનિવર્સિટી વતી માનનીય કુલસચિવ શ્રી પ્રો. ડો અમી ઉપાધ્યાય, શૈક્ષણિક નિયામક શ્રી ડૉ.રવિ ગોર, નિયામક વિદ્યાર્થી સહાય સેવા શ્રી ડો. આવા શુક્લ તથા વરિષ્ઠ અધિકારીઓ , અધ્યાપક શ્રી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.







